**કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આ.કૃ.યુ., સણસોલી ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત કૃષિ સખી/ વીલીંગ ફાર્મર માટે ૧૨ દિવસિય તાલિમનો દસમો દિવસ તારીખ: ૨૩-૦૧-૨૦૨૬ ના રોજ પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ યોજાયો.**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી, તા.મહેમદાવાદ જી.ખેડા ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત ૧૪ ગામના વીલીંગ ખેડુતો માટે તા.૨૩-૦૧-૨૦૨૬ ના રોજ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ થયો. તેમાં મહુધા તાલુકાના સરદારપુર, બારીયાની મુવાડી, પોરડા, મીનાવાડા, ખાંડીવાવ, અલીના, વડથલ, મોટી ખડોલ અને કડી ગામના તથા ગલતેશ્વેર તાલુકાના પાલી, માલવણ, લાલાના મુવાડો, સોનીપુરા, અને વસો ગામના કુલ ૧૯૭ ખેડૂતોએ ભાગ લીધો. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કેંદ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ શરૂ કરેલ, તેના ભાગરુપે પ્રાકૃતિક કૃષિ તાલીમના ત્રીજા તબ્બક્કાનો સણસોલી ખાતેથી પ્રારંભ થયેલ છે. આ પ્રસંગે કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ, તથા ડૉ. ભરત એન. ઠકકર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, શ્રીમતી સલમાબેન ચુવાણ, તાલુકા પ્રોજેકટ મનેજરશ્રી, મહુધાનો સ્ટાફ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ ડૉ. બી. એન. ઠક્કર દ્વારા સ્વાગત પ્રવચન કરી પ્રાકૃતિક ખેતીની જરૂરીયાત રજુ કરીને શરૂ કરવામાં આવ્યો.

ડૉ. ડી. બી. પ્રજાપતિએ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ પર પ્રસ્તાવના, પરીચય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડેલ દિવેલા, શાકભાજી અને ડાંગરની જુદી જુદી જાતો તેમજ બિયારણ ઉપલબ્ધિ વિશે અને વધુમાં પ્રાકૃતિક ખેતીની સાથે ખોરાક અને માનવ તંદુરસ્તી તેમજ કિચન ગાર્ડનનુ મહત્વ જણાવેલ. પ્રગતિશીલ ખેડુત અને સી.આર.પી. એવાશ્રી પ્રકાશભાઇ ભોઇ દ્વારા પ્રાકૃતિક ખેતીમાં પાક સંરક્ષણ તેમજ તુવેર, ડુંગળી અને ઘઉંમા મુલ્યવર્ધન કરી વધુ નફા અંગે માર્ગદર્શન આપેલ અને ડૉ. ભરતભાઇ એન. ઠકકરે પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અને મુલ્યવર્ધન પર માહિતી આપેલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ કરેલ તેમજ રૂબરૂમાં જીવામૃત તૈયાર કરી તેને વાપરવાની પદ્ધતિ વિશે માહિતી આપી. શ્રી ભાર્ગવ પી પંડ્યા, ગ્રામીણ બેંક, આર.બી.આઈ, મહુધા દ્વારા ખેડૂતોને ખેતી લોન અને નાણાંકીય સહાય અને નાણાકીય છેતરપીંડી થી બચવા વિશે માહીતી આપેલ. તદ્ઉપરાત પ્રગતિશીલ ખેડુત શ્રી વિજયસિંહ સોઢા, કપરૂપુર અને ગુણવંતભાઇ સોઢા પરમાર સર્વેએ પ્રાકૃતિક ખેતીના સ્વઅનુભવો રજૂ કરેલ, સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રીમતી સલમાબેન ચુવાણ, તાલુકા પ્રોજેકટ મનેજરશ્રી, મહુધા દ્વારા કરવામાં આવ્યુ.

સદરહુ તાલીમ કાર્યક્રમમાં મહુધા તાલુકાના અને ગડતેશ્વેર તાલુકાના જિ.ખેડાના ગામોના સરપંચશ્રીઓ અને વીલીંગ ફાર્મર તેમજ સર્વ સણસોલીના સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો અને પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત શ્રીમતી સલમાબેન ચુવાણ, તાલુકા પ્રોજેકટ મનેજરશ્રી, મહુધા અને કેન્દ્રના વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ દ્વારા વ્યસન મુક્તિનો અને પ્લાસ્ટિક મુક્ત ભારત કરવા સંકલ્પ કરાવ્યો અને કેન્દ્રના ડૉ. બી. એન. ઠક્કર, દ્વારા પ્રાકૃતિક ખેતી કરવાનો શપથવિધિ સંકલ્પ બાદ અને આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.







ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, આ.કૃ.યુ., સણસોલી અને ડૉ. ભરતભાઈ એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, આ.કૃ.યુ., સણસોલી












કેન્દ્રના વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી અને ડૉ. ભરતભાઈ એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, દ્વારા શપથવિધિ અને જીવામૃત નિદર્શન